For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### સુરત શહેર અને જિલ્લો જાણે નકલી ખાદ્યપદાર્થો બનાવવાનું હબ

# હવે નકલી તેલ બનાવવાનું કારખાનું પકડાયું

**પાસોદરા** પાટિયા નજીકના નવકાર બિઝનેસ હબમાં સીઆઈડી ક્રાઈમ તેમજ ફૂડ એન્ડ ડ્રગ વિભાગના દરોડા

**શિવમ** ટ્રેડિંગમાં દરોડા દરમિયાન ચેકિંગમાં માલિક જયેશ હિરપરા નામાંકિત તેલની બ્રાન્ડના ડુપ્લિકેટ ડબ્બા તેલ તૈયાર કરતાં પકડાયો

**તંત્ર** દ્વારા નમૂના તપાસ માટે મોકલીને રૂપિયા 16.79 લાખનો નકલી તેલનો જથ્થો જપ્ત કરાયો



કામરેજ: સુરત શહેર અને જિલ્લો જાણે નકલી ખાદ્ય પદાર્થો બનાવવાનું હબ બની ગયા હોય તેમ જિલ્લાના કામરેજ વિસ્તારમાં પાસોદરા પાટિયા નજીક નવકાર બિઝનેસ હબમાં શિવમ ટ્રેડિંગ કંપની દ્વારા ચલાવવામાં આવતા નકલી ખાદ્ય તેલના કારખાનામાં દરોડા પાડવામાં આવ્યા હતા. સીઆઈડી ક્રાઈમ અને

...અનુસંધાન પાના 5 પર



### સન પ્લસ, સૌરાષ્ટ્ર સિંગતેલ, પલ સિંગતેલ જેવી જાણીતી બ્રાન્ડનાં નકલી સ્ટિકર્સ લગાડીને તેલ વેચાતું હતું

સુરત ફૂડ સેફ્ટી ઓફિસર ટી. કે. નાગરે આ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, ગાંધીનગર CID ક્રાઈમ અને આરોગ્ય મંત્રીની સૂચનાના આધારે આ રેડ કરાઈ હતી. કામરેજના નવાગામમાં 'શિવ ટ્રેડિંગ કંપની' નામે આ કારખાનું ચાલતું હતું. જયેશ હીરપરા અહીં સિંગતેલ અને અન્ય ખાદ્ય તેલોનું પેકિંગ અને વેચાણ કરતો હતો. તપાસમાં સામે આવ્યું કે 'સન પ્લસ', 'સૌરાષ્ટ્ર સિંગતેલ' અને 'પલ સિંગતેલ' જેવી જાણીતી બ્રાન્ડના સ્ટીકરો નકલી ડબ્બા પર લગાવીને તેલ વેચવામાં આવતું હતું.

### શંકાસ્પદ ખાદ્યતેલનો કેટલો જથ્થો પકડાયો

- **સિંગતેલ:** આશરે 500 કિલો
- **કપાસિયા તેલ:** 703 કિલોગ્રામ
- **સનફ્લાવર તેલ:** 540 કિલો
- **સોયાબીન તેલ:** 12,000 કિલો

**કુલ :** રૂ. 20,30,000ની કિંમતનો તૈયાર માલ અને સાધનસામગ્રી સીઝ



# ગણેશોત્સવને માણવા છેક બ્રિટનથી પોલ વિલિયમ ભારત આવ્યા પણ ...

**પોલ** વિલિયમ મિત્ર અમિત પટેલ સાથે વાંસકુઈ આવ્યા ,રાત્રે ગણેશજીની પૂજા પણ કરી પરંતુ બાદમાં સવારે ઊઠ્યા જ નહીં



અનાવલ: અંબિકાના વાંસકુઈ ગામે ગણેશોત્સવની ખુશીઓ વચ્ચે એક અત્યંત કરુણ અને ભાવુક ઘટના સામે આવી છે. લંડનથી પોતાના એનઆરઆઈ મિત્ર સાથે ભારતીય સંસ્કૃતિ અને ગણેશ ઉત્સવ માણવા વાંસકુઈ આવેલા 75 વર્ષીય બ્રિટિશ નાગરિક પોલ વિલિયમ હીંચકલીફનું કેન્સરની બીમારીના કારણે અચાનક અવસાન થતાં અરેરાટી વ્યાપી ગઈ છે.

વાંસકુઈ ગામના મૂળ નિવાસી અને હાલ લંડનમાં ટેક્સી ડ્રાઈવિંગ કરી પરિવારનું ગુજરાન ચલાવતા અમિતકુમાર છીબુભાઈ પટેલ (ઉં.વ.38) ગત 10 સપ્ટેમ્બરે પત્ની નિશાબેન અને દીકરી એલી સાથે ગણેશોત્સવ ઉજવવા વતન આવ્યા હતા. તેમની સાથે લંડનના જ રહેવાસી અને કૌટુંબિક સ્નેહી એવા 75 વર્ષીય પોલ વિલિયમ પણ ભારત આવ્યા હતા. તા. 14 સપ્ટેમ્બરે ઘર નજીક સ્થાપિત ગણેશજીની પ્રતિમા સમક્ષ પોલ વિલિયમે અમિત પટેલના પરિવાર સાથે શ્રદ્ધાપૂર્વક પૂજા-અર્ચના કરી હતી. રાત્રે સૌ સાથે જમીને સૂઈ ગયા હતા.

બીજા દિવસે સવારે 6થી 6:15 વચ્ચે જ્યારે અમિત પટેલે પોલને જગાડવાનો પ્રયાસ કર્યો ત્યારે તેઓ કોઈ પ્રતિક્રિયા આપી રહ્યા નહોતા. તુરંત જ પોલ વિલિયમને ગુણસવેલ ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC) ખાતે લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. પોલ વિલિયમ ફેફસાના કેન્સરથી પીડાતા હતા અને તેમની સારવાર લંડનની 'રોયલ પ્રેસ્ટન હોસ્પિટલ'માં ચાલી રહી હતી. પોલ વિલિયમના પરિવારજનો લંડનમાં રહેતા હોવાથી તેમનો પાર્થિવ દેહ બ્રિટન લઈ જવાનો છે. જેથી કાયદેસરની પ્રક્રિયા અને વીમા/એરલાઇન્સના નિયમો

...અનુસંધાન પાના 5 પર

# શૌચાલય પાસે જ શાકભાજી રાખીને લોકોને વાનગીઓ ખવડાવાતી હતી

**સુરત** રેલવે સ્ટેશનની પાંચ જાણીતી હોટલ-રેસ્ટોરન્ટમાં એસઓજી અને ફૂડના દરોડા

**સુરત** મનપાના ફૂડ વિભાગે સેમ્પલો લઈને તપાસ માટે મોકલ્યાં

સુરત: શૌચાલય પાસે શાકભાજી, પાંચ વર્ષથી ફ્રીજની સફાઈ નહીં અને હલકી ગુણવત્તાવાળા સોસની સાથે સુરત રેલવે સ્ટેશનની કેટલીક હોટલોમાં ખાદ્ય પદાર્થો પીરસાતા હતા અને સુરતીઓ આવું ખાતા હતા. સુરત પોલીસના એસઓજી અને સુરત મનપાની ફૂડ સેફ્ટી ટીમે સંયુક્ત રીતે સ્ટેશન રોડની વિવિધ હોટલમાં સરપ્રાઈઝ ચેકિંગ કરવામાં આવ્યું હતું. જેમાં

...અનુસંધાન પાના 5 પર

### કઈ હોટલમાં કઈ કઈ ક્ષતિઓ પકડાઈ?

- શાકભાજી પાસે જ શૌચાલય: તપાસમાં બહાર આવ્યું કે રસોડામાં જ્યાં શાકભાજી રાખવામાં આવતી હતી તેની અડીને જ ટોયલેટ હતા અને કિચનમાંથી પેશાબ જેવી તીવ્ર

...અનુસંધાન પાના 5 પર

### કઈ કઈ હોટલ-રેસ્ટોરન્ટમાં તપાસ કરાઈ?

- શેર-એ-પંજાબ રેસ્ટોરન્ટ (Since 1977)
- એકતા રેસ્ટોરન્ટ (વેજ)
- નાઇસ ગ્રીન એગ એન્ડ ચિકન સેન્ટર
- હોટલ સવેરા રેસ્ટોરન્ટ
- ન્યુ ટોપ ફોર્મ રેસ્ટોરન્ટ

### જો કોઈનું મોત થયું તો હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કરાશે: એસઓજી ડીપીસી નકુમ

ડીસીપી રાજદીપસિંહ નકુમે હોટલ સંચાલકો સામે કડક વલણ અખત્યાર કરતા આકરી ચેતવણી આપી છે કે, આ હોટલોમાં રોજના 1000થી 2000 લોકો જમે છે અને મહિનાઓ સુધી રસોડા સાફ થતા નથી. આવા અખાદ્ય અને ઝેરી ખોરાકથી કેન્સર તેમજ ચામડીના ગંભીર રોગો થઈ શકે છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં ચીમકી આપી હતી કે જો આ અખાદ્ય ખોરાક ખાવાથી કોઈ યાત્રી કે નાગરિકનું મૃત્યુ નીપજશે તો પોલીસ હોટલ સંચાલકો સામે હત્યાના પ્રયાસ હેઠળ ગુનો દાખલ કરતાં પણ અચકાશે નહીં. તેમણે નાગરિકોને અપીલ કરી છે

...અનુસંધાન પાના 5 પર

# સાથે કામ કરતાં સફાઈ કામદાર સ્ત્રી-પુરૂષે સાથે ઝેર પી લીધું

**મહિલા** સવારે સફાઈ કામે ગયા બાદ ઘરે પરત ન ફરતાં પતિએ ફોન કર્યો

**અજાણ્યા** વ્યક્તિએ વરિયાવ બ્રિજ નીચે નદી કિનારે બંને પડ્યા હોવાની જાણ કરી

**સ્મીમેરમાં** ઉત્રાણના પરેશ ચૌહાણનું મોત, મહિલાએ ખાનગી હોસ્પિ.માં દમ તોડ્યો

### મોબાઇલ ફોનથી યુવાનની ઓળખ થઈ

ઘટનાની જાણ થતાં પોલીસે તપાસ શરૂ કરી હતી. મૃતક યુવાન પાસેથી મોબાઇલ ફોન મળી આવતાં તેના આધારે પોલીસે તપાસ આગળ ધપાવી હતી. તપાસ દરમિયાન મૃતકની ઓળખ ઉત્રાણના લેક ગાર્ડન પાસે રહેતા પરેશ નાનજી ચૌહાણ (ઉં.વ. 40) તરીકે થઈ હતી. પોલીસ તપાસમાં બંને એક જ ઓફિસમાં સાથે કામ કરતા હોવાનું પણ સામે આવ્યું છે.

સુરત: સુરતના મોટી વેડ પાળા નજીક વરિયાવ બ્રિજ નીચે નદીકિનારે મંગળવારે બપોરે ઝેરી દવા પીધેલી હાલતમાં મહિલા અને એક પુરુષ મળી આવતાં ચકચાર મચી ગઈ હતી. બંનેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ફરજ પરના તબીબે પુરુષને મૃત જાહેર કર્યો હતો. જ્યારે મહિલાને વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં તેનું પણ મોત થયું હતું. પ્રાથમિક તપાસમાં બંને એક જ ઓફિસમાં કામ કરતા હોવાનું સામે આવ્યું છે. બંને વચ્ચે પ્રેમસંબંધ

...અનુસંધાન પાના 5 પર

# સાંસદ ગોવિંદ ધોળકીયાનો ડીપફેક વિડીયો બનાવતી ઠગાઈ કરતી ગેંગના બે પકડાયા

**જૂના** સિક્કા ખરીદવાના નામે રૂપિયા ૧૫૦૦ની પ્રોસેસિંગ ફી પડાવવાનો ખેલ પાડ્યો હતો

સુરત : રાજ્યસભા સાંસદ ગોવિંદ ધોળકીયાના 'ડીપફેક' વીડિયો બનાવી સોશિયલ મીડિયા પર જૂના સિક્કા ખરીદવાના નામે છેતરપિંડી આચરનારા બે આરોપીઓને પોલીસે હરિયાણાથી ઝડપી પાડ્યા છે.

ઘટનાની વિગત મુજબ, સોશિયલ મીડિયા પર Old Coin Company ના નામે કેટલીક બોગસ પ્રોફાઈલો બનાવવામાં આવી હતી. જેમાં સાંસદ ગોવિંદ ધોળકિયાના જૂના વીડિયો અને ફોટોગ્રાફ્સનો ઉપયોગ કરી 'ડીપફેક' વીડિયો તૈયાર કરાયા હતા. આ વીડિયોમાં પોતે ગોવિંદ ધોળકિયા હોવાનું અને RBI વતી જૂના ચલણી સિક્કા મોંઘા ભાવે ખરીદતા હોવાની ભ્રામક જાહેરાત કરવામાં આવતી

...અનુસંધાન પાના 5 પર






# ઉકાઈ ડેમની સપાટી 337.45 ફૂટ, આજથી રૂલ લેવલ 345 ફૂટ

**સવારે** ઈનફ્લો 64 હજાર હતો, સાંજે ઘટીને અડધો 32 હજાર થઈ ગયો

**હવે** ઉકાઈ ડેમને ભયજનક 345 ફૂટ સુધી ભરવામાં આવશે

સુરત: ઉકાઈ ડેમના ઉપરવાસમાં પણ વરસાદે વિરામ લેતાં આજે ડેમમાં પાણીની આવકમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો. સવારે ઉકાઈ ડેમમાં 64 હજાર ક્યુસેક પાણીની આવક નોંધાઈ હતી, જે સાંજ સુધીમાં ઘટીને 32 હજાર ક્યુસેક થઈ ગઈ હતી.

...અનુસંધાન પાના 5 પર

# વૃદ્ધાની હત્યામાં પોલીસે કામવાળી, વોચમેન, રહીશોનાં નિવેદનો લીધાં

**નાનપુરામાં** મોનાલીસા એપાર્ટમેન્ટમાં રવિવારે થયેલી વૃદ્ધા આમેનાબેનની હત્યા પ્રકરણમાં પોલીસને હજુ સુધી સફળતા મળી નથી

**મરનાર** આમેનાબેન પોતાની બહેનના ઘરે વિઘ્નેશ્વર એસ્ટેટમાં આવજા કરતાં હતાં, પણ હત્યાના ફ્લેટ પર ગયા હતા

સુરત: નાનપુરા, ટીએન્ડટીવી સ્કૂલની સામે મોનાલીસા એપાર્ટમેન્ટમાં ૮૪ વર્ષીય વૃદ્ધાની હત્યા કેસમાં પોલીસે 10 જેટલા લોકોના નિવેદનો નોંધ્યા હતા. તેમ છતાં તપાસમાં કોઈ નક્કર કડી ન મળતાં પોલીસ હાલ મૂંઝવણમાં મુકાઈ છે. દરમિયાન પોલીસે વૃદ્ધાનો ગુમ થયેલો મોબાઈલ ફોન શોધવા માટે તેના સીડીઆર મંગાવ્યા છે. હવે સીડીઆરની તપાસના આધારે પોલીસને હત્યાના ભેદ ઉકેલવા માટે કોઈ મહત્વની કડી મળે તેવી શક્યતા છે. હત્યાનો ભોગ બનનાર વૃદ્ધા આમેનાબેન છેલ્લા દોઢ મહિનાથી નજીકમાં જ વિઘનેશ્વર એસ્ટેટમાં રહેતા તેમના 17 વર્ષિય નાના બહેન દુરરીયા સિરાજ મોતીવાલા (ઉ.વ. 71)ના ઘરે રહેતા હતા અને પોતાના મોનાલીસાના ફ્લેટ પર આવનજાવન કરતાં હતા. રવિવારે મુંબઈ જવાનું હોવાથી પોતાની બેગ પેક કરવાં મોનાલીસા એપાર્ટમેન્ટ ગયા અને ત્યાં તેમની હત્યા થઈ ગઈ હતી.

પોલીસે આ હત્યા પ્રકરણમાં વૃદ્ધા છેલ્લે ક્યારે અને કોના સંપર્કમાં હતા, ફ્લેટમાં હત્યારો કેવી રીતે

...અનુસંધાન પાના 5 પર

### સુરત સવા બે ઈંચ વરસાદ, અન્ય તાલુકામાં વરસાદ માત્ર 'સિંગલ ડિજિટ'માં

સુરત: સુરત શહેર અને જિલ્લામાં છેલ્લા બે દિવસથી છવાયેલો વરસાદી માહોલ આજે પણ યથાવત રહ્યો હતો. જોકે આજે વરસાદનું જોર ગઈકાલની સરખામણીએ ઘટ્યું હતું. દિવસ દરમિયાન સુરત શહેરમાં સૌથી વધુ 63 મીમી વરસાદ નોંધાયો હતો. જ્યારે જિલ્લાના કેટલાક તાલુકાઓમાં હળવો વરસાદ નોંધાયો હતો અને પાંચ તાલુકા કોરાકટ રહ્યા હતા. બીજી તરફ જિલ્લામાં અત્યારસુધીમાં સિઝનનો કુલ 125 ટકા વરસાદ નોંધાઈ ચૂક્યો છે. સુરત શહેરમાં આજે 63 મીમી વરસાદ નોંધાતા શહેરના વરસાદી આંકડામાં વધુ વધારો થયો હતો. જિલ્લામાં અન્ય વિસ્તારોની વાત કરીએ તો ઓલપાડમાં 8 મીમી, કામરેજમાં 7 મીમી, ચોર્યાસીમાં 7 મીમી, અંબિકામાં 4 મીમી, માંગરોળમાં 3 મીમી અને અરેઠમાં 1 મીમી વરસાદ નોંધાયો હતો. જ્યારે ઉમરપાડા, માંડવી, પલસાણા, બારડોલી અને મહુવા તાલુકામાં આજે વરસાદ નોંધાયો નહોતો અને આ વિસ્તારો કોરાકટ રહ્યા હતા. છેલ્લા બે દિવસથી જિલ્લામાં વરસાદી વાતાવરણ સર્જાયું હતું, પરંતુ આજે વરસાદની તીવ્રતામાં ઘટાડો જોવા મળ્યો હતો. બે દિવસથી વરસાદી માહોલ રહ્યા બાદ આજે મહત્તમ તાપમાનમાં 1.7 ડિગ્રીનો વધારો થયો હતો. મહત્તમ તાપમાન 29 ડિગ્રી નોંધાયું હતું,

...અનુસંધાન પાના 5 પર




















